333125
૨૫૫
૨૯/૮/૯૬

# " આર્યાવર્ત ફાઉન્ડેશન "

## મેમોરેન્ડમ ઓફ એસોસીએશન

(૧) સંસ્થાનું નામ : " આર્યાવર્ત ફાઉન્ડેશન "

(૨) સરનામું : C/O અજયકુમાર શાહ ઠે. આર.સી.એલ.૨/૪ રૂમ નં. ૪૨, જી.આઈ.ડી.સી.કોલોની પાંડેસરા, સુરત. ભવિષ્યમાં જરૂર પડયે ટ્રસ્ટીમંડળ તેમાં ફેરફાર કરી શકશે.

(૩) કાર્યક્ષેત્ર : આ સંસ્થાનું કાર્યક્ષેત્ર સમગ્ર ભારત વર્ષ રહેશે.

(૪) હેતુઓ :

<u>સદર હેતુઓ સરકારશ્રીની તથા કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓ અન્વયે મેળવવા પાત્ર પૂર્વ પરવાનગી મેળવીને હેતુઓ અનુસાર ન્યાત જાતના ભેદભાવ વગર કામગીરી કરવામાં આવશે.</u>

<u>(૧) સાંસ્કૃતિક હેતુઓ :</u>

(૧) યુવાન અને યુવતીઓને જ્ઞાન વિજ્ઞાન, કલા કારીગર સાહિત્ય સંસ્કૃતિ વગેરે દેશ વિદેશના નાગરીકોનું આંતરાષ્ટ્રીય સ્તરના જ્ઞાન શીબીરો યોજવા. રાસ ગરબાનુ આયોજન કરવુ. સમાજ ઉપયોગી કોમ્યુનીટી હોલનુ આયોજન કરવુ.

(૨) સંસ્થાના હેતુઓને અનુલક્ષીને સંમેલનો વ્યાખ્યાનો સેમીનાર પ્રવચનો સભા વિગેરેનું આયોજન કરવું.

(૩) રમત–ગમતનું આયોજન કરવું, ક્રિકેટ, વોલીબોલ તથા અન્ય રમતો અંગેના મેળવડા, હરીફાઈઓ યોજવી, ગામ તાલુકા, જિલ્લા, દેશ વિદેશના નાગરીકો જોડે આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતો અંગેની હરીફાઈઓ યોજવી, અને શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરનારને પુરસ્કારથી સન્માન આપવું. પુરસ્કાર આપવાની પ્રવૃતિઓ કરવી.

(૪) રમત–ગમતની પ્રવૃતિઓને ઉત્તેજ ન માટે સ્પોર્ટસ અને હેલ્થ કોમ્પ્લેક્ષ સેન્ટરો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા. રમત– ગમત અને શારીરીક વિકાસ માટેના આધુનીક સાધનો વસાવવા અને તનો ઉપયોગ કરતા અને કરાવતા શિખવવું.

<u>(૨) શૈક્ષણિક ઉદેશો:</u>

(૧) બાલવાડી, બાલમંદિર, આંગણવાડી, પુર્વપ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, હાઈસ્કુલો, હાયર સેકન્ડરી, ઉત્તર બુનીયાદી આશ્રમ શાળાઓ, ટેકનીકલ સ્કુલો, વિદ્યાપીઠો, કોલેજો, સ્થાપવી, ચલાવવી, નિભાવવી કે મદદ કરવી, તેમજ વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલ સ્થાપવી અને ચલાવવી. ગામડામાં નિરક્ષરતા દુર કરવા માટે જન શિક્ષણ કેન્દ્રો, પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો, સ્થાપવા, ચલાવવા અને નિભાવવા.

Scanned by CamScanner

(૨) કોઈ પણ સ્કુલ, કોલેજ કે વિદ્યાપીઠમાં સંશોધનનું કામ કરનારને કે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ કે લોન ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તે શરતોએ આપવી અને વર્તમાન વિજ્ઞાનને ટેકનોલોજીના યુગમાં કોમ્પ્યુટર શિક્ષણ તથા ટેકનીકલ શિક્ષણની માંગ પ્રમાણે મીની આઈ. ટી. આઈ. સ્થાપવી અને ચલાવવી.

(૩) લાયક કે ગરીબ વિદ્યાર્થીઓને મફત પુસ્તકો, ખોરાક, કપડા અને બીજી જીવનજરૂરી વસ્તુઓ પુરી પાડવી અથવા સ્કોલરશીપ અથવા તમામ પ્રકારની નાણાંકીય મદદ કરવી.

(૪) શિક્ષણના વિકાસ માટે ધંધાકીય જ્ઞાન, ટ્રેઈનીંગ આપવી, સ્કુલો, કોલેજો કે બીજી સંસ્થાઓ સ્થાપવી કે તેને મદદ કરવી.

(૫) શિક્ષણના વિકાસ માટે વિજ્ઞાન,સાહિત્ય, ફાઈન આર્ટસની સંસ્થાઓ ખોલવી, ચલાવવી, નિભાવવી કે તેને મદદ કરવી.

(૬) વિદ્યાર્થીઓમાં રહેલી સંશોધન શકિત ને ઉત્તેજન મળે તે માટે સંશોધન કેન્દ્રો ખોલવા, ચલાવવા કે નિભાવવા તથા સંશોધન પર્યટનો યોજવા.

~~(૭) કોઈપણ મેડીકલ કોલેજમાં મેડીકલના વિધાર્થી માટે અનામત સીટ મળે તો તે મેળવવા માટે આયોજન કરવું અને સીટ મેળવવી.~~ 29/01/...

(૭) કોઈપણ મેડીકલ કોલેજમાં રીસર્ચ માટે સહાય કરવી.

(૮) પુરતુ ફંડ મળ્યેથી ટ્રસ્ટે પોતાનું મેડીકલ રીસર્ચ સેન્ટર શરૂ કરવું અને ચલાવવું

(૯) સાર્વજનિક ગ્રંથાલયો, વાંચનાલયો, લાયબ્રેરીઓ, રીડીંગ રૂમો, સંગ્રહસ્થાનો ખોલવા, ચલાવવા કે તેને મદદ કરવી.

(૧૦) કેળવણી ક્ષેત્રે સંગીત તેમજ નૃત્ય અને ચિત્રકળા તથા કોલેજ સ્થાપવી ચલાવવી તેમજ જરૂરીયાતવાળા કલાકારો ચિત્રકારોને સ્કોલરશીપ આપવી તથા આર્થિક સહાય કરવી તેમજ શૈક્ષણિક , પ્રાયમરી શાળા, માધ્યમિક શાળા, હાઈસ્કુલ અને કોલેજો શરૂ કરવી તથા ચલાવવી.

(૧૧) વિર્ધાથીઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો અને સ્પોકન ઈંગ્લીશના વર્ગો ચલાવવા અને વોકેશનલ કોર્ષસીસ ચાલવવા, મેડીકલ નર્સિગ કોર્ષસીસ ચલાવવા, અને વિર્ધાથીઓને શિક્ષણ અને તાલીમ આપવી.

**(૩) ગ્રામીણ વિકાસના હેતુઓ**

(૧) વોટર શેડ, અને વૃક્ષારોપણ ની પ્રવૃતિ કરવી.

(૨) સરકારશ્રીની પૂર્વ પરવાનગી લઈ ગામડાની પડતર, બિન ઉત્પાદિત અને નદી કોતરવાળી ડુંગરાળ જમીનનો નવસાધ્ય કરવી તેમ જ વૃક્ષારોપણ કરવું અને ગ્રામ્યવન ઉભા કરવા.

(૩) ગ્રામ્ય કક્ષાએ પછાત વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ ખોલવી,નિભાવવી અને શિક્ષણનો વ્યાપ વધારવા ગ્રામશાળા ખોલવી અને નિભાવવી.

(૪) ગામડાને ગોકુળીયુ ગામ બનાવવા .

Scanned by CamScanner

(૫) ગામડામાં આવેલ ભુગર્ભ જળ સ્ત્રોતના વિકાસ માટે ભુગર્ભ જળસ્ત્રાવ વિસ્તારને લગતી તમામ પ્રવૃતિ કરવી' વરસાદના પાણીનું ટીપેટીપુ, પાણી રોકવા, નદી નાળા, ચેક ડેમો, સ્ટોપ ડેમો તથા તળાવોના કામો કરવા તેમજ પીવાના પાણી અંગે અને તેના કાયમી ઉકેલ માટે પ્રયાસો કરવા તેમજ વરસાદનું ટીપે ટીપુ પાણી રોકવા લોકોમાં પ્રચાર કરવો.

(૬) ગામડાના ખેડૂતોને ખેતી વિષયક શિક્ષણ પુરુ પાડવુ તેમને મળતા સરકારી લાભો અંગે માર્ગદર્શન પુરુ પાડવું. જેમાં ખેત પેદાશો તેમજ શાકભાજીના પુરતા ભાવો મળે એ માટે માર્ગદર્શન આપવું તેમજ દેશ વિદેશમાં વેચવા માટે બજારો શોધવા મદદરૂપ થવું.

(૭) ગામડાના ગરીબ અને પછાત વર્ગોના લોકોને મદદરૂપ થવુ .

~~(૮) સમાજ કલ્યાણ, મહીલા આર્થિક વિકાસ નિગમ, જીલ્લા ઉધોગ કેન્દ્ર, ગ્રામ વિકાસ એજન્સી વગેરેના ક્ષેત્રમાં આવતી પ્રવૃતિઓ કરશે અને ગ્રામ્ય વિકાસને લગતી તમામ પ્રવૃતિઓ કરશે.~~

(૯) નાના તથા સિમાંત ખેડૂતોને સારૂ બિયારણ મળે તે માટે માર્ગદર્શન આપવું તેમજ સુધારેલ બિયારણનું ઉત્પાદન કરવું અને કરાવવું અને રાહતદરે વહેંચણી કરવી તેમજ બિયારણ કેન્દ્ર સ્થાપવા.

**(૪) સામાજીક હેતુઓ :**

(૧) વધતી જતી વસ્તી ભારત દેશની વિકટ સમસ્યા છે. ગ્રામ્ય સ્તરે વસ્તી વધારાની સમસ્યા અંગે જ્ઞાન આપતુ જાગૃતિ લાવવી અને તે માટે પ્રયાસ, પ્રચાર અને પ્રવૃતિઓ હાથ ધરવી.

(૨) ગામડામાં ગરીબી, બેકારી દુર થાય તે માટે આર્થિક રીતે નબળા વર્ગના લોકો અને મહિલાની સર્વતોમુખી ઉન્નતિ માટે પ્રવૃતિઓ કરવી જેમાં ખાદી ગ્રામોદ્યોગ , હસ્ત અને કુટીર ઉધોગ કે નાના ઉધોગ, નર્સરી ઉછેર, ~~ડ્રાઈવીંગ સ્કુલો~~ અને વનીકરણ પશુપાલન ધ્વારા રોજગારી મેળવી શકે તે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવી.

~~(૩) સમાજના રહેલા અપંગો માટે જાહેર થતી કેન્દ્ર સરકારની રાજ્ય, સરકારની તથા સ્થાનીક સ્વરાજની તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જુદીજુદી સ્કીમો, લાભો, સહાય વગેરેની જાણકારી આપવી અને તેવી રાહત અપાવવી.~~

(૪) સભ્યોમાં એકતા સંગઠનની ભાવના કેળવણી જ્ઞાનવર્ધક કાર્યક્રમો , પ્રવાસનું આયોજન કરવું.

(૫) લોક કલ્યાણના કામો કરવા.

**(૫) મહિલા અને બાળ વિકાસના હેતુઓ :**

(૧) સામાજીક રીતે તરછોડાયેલી , છુટાછેડા લીધેલી, વિધવા તેમજ ગરીબ અને અપંગ બહેનોની શકિતને વિકસાવવા અને તેમને પગભર કરવા ગૃહ ઉધોગો, ગ્રામ્ય ઉધોગો અને તેને સંલગ્ન ઉધોગોની વિકાસ કરવા તેમને શકય તમામ પ્રકારે સહાય કરવી.

Scanned by CamScanner

(૨) બહેનોને શિક્ષણનો પ્રચાર કરી જાગૃતિ નેતૃતવ વિકાસ અને આયોજનનું જ્ઞાન આપવા , તાલીમ આપતી શિબિરો , કાર્યશાળા અને તાલીમ કેન્દ્રોનું આયોજન કરી શકશે. અને યુવતિઓ તથા બાલિકાઓના સર્વાંગી વિકાસ માટે યુવતિ વિકાસ કેન્દ્ર, સ્થાપવા અને ચલાવવા, વ્યવસાય કરતી મહિલાઆ. માટે વકીગ વિમેનસ હોસ્ટેલ સ્થાપવી. અને ચલાવવી. બહેનોના આર્થિક વિકાસ માટે તેઓમાં બચતની ભાવના કેળવાય તેવી પ્રવૃતિ કરવી.

(૩) મહિલા માટે સ્વશકિત જુથ બનાવવા અને રોજગારીલક્ષી નાના ઉદ્યોગો માટે તાલીમ આપવી અને વ્યવસાય માટે યુનિટો બનાવવા.

(૪) અનાથ આશ્રમની સ્થાપના કરશે, અપંગ, અંધજના, વૃધ્ધાઆશ્રમો , ઘરડાઘરની વ્યવસ્થા ઉભી કરશે. નિરાધારોને સહાય કરશે.

(૫) હસ્તકલાના ક્ષેત્રમાં વિવિધ હુન્નર ઉધોગ જેવા કે કોમ્પુટર, શિક્ષણ વર્ગો, ભરતગુથણ, બ્યુટીપાર્લર, ટાઈપ, શોર્ટ હેન્ડ વગેરે તાલીમ આપશે.

**(૬) કુદરતી અને માનવ સર્જીત આફતો માટેના હેતુઓ:** Purpose of Natural and Humanized Sorrow

(૧) માનવ ઉપયોગી જાનવરો માટે ઘાસચારો, દવા વિગેરેની સહાયતા કરવી તેમજ કેમ્પ યોજવા તથા નિદાન કેન્દ્રો, કેટલ કેમ્પ , ગૌશાળા સ્થાપવી અને નિભાવવી ~~તથા આવી સંસ્થાઓને મદદ કરવી.~~

(૨) કુદરતી આફતો જેવી કે ધરતીકંપ , દુષ્કાળ, અતિવૃષ્ટિ , જળરેલ વિગેરેના સમયે આવી આફતનો ભોગ બનેલા માનવ પશુઓ વિગેરેને સહાય કરવી તેમજ આવી સંસ્થાઓને મદદ કરવી.

**(૭) આરોગ્ય અને તબીબી માટેના હેતુઓ**

(૧) જરૂરીયાતવાળા દર્દીઓને ડોકટરનું કન્સલ્ટીગ અને જરૂરી દવાઓની સહાય કરવી, હોસ્પિટલમાં ખસેડવા માટે થઈને મુસાફરી ખર્ચ કે એમ્બ્યુલન્સની સહાય કરવી, સારવાર દરમ્યાન દર્દીનું મૃત્યુ થાય તો તેમના કુંટુબીજનોને સહાય તેમજ દર્દીના અંતિમ સંસ્કાર માટે જરૂરી સહાય કરવી, જરૂરીયાતવાળા દર્દીને મેડીકલ ચેક–અપ કે જરૂરી સારવાર માટે વિદેશ જવું પડે તો તે માટેની સહાય કરવી, જરૂરીયાતવાળા દર્દીને લોહીની જરૂરીયાત ઉભી થાય ત્યારે બ્લડ ડોનેશન ધ્વારા કે અન્ય કોઈપણ રીતે લોહી પુરું પાડવું, જરૂરીયાતવાળા દર્દીને ઓપરેશન તેમજ દરેક જાતની સહાય કરવી અને આપણા દેશમાં જે તબીબી સગવડતા ઉપલબ્ધ ન હોય તે માટે દર્દીને પરદેશ મોકલવા માટે મદદ કરવી.

(૨) કોઈપણ હોસ્પિટલમાં દાન આપીને પથારી અનામત રખાવવી. જરૂરીયાતવાળા દર્દીને ત્યાં દાખલ કરવા ભલામણ કરવી.

(૩) પુરતુ ફંડ મળ્યેથી હોસ્પિટલ શરૂ કરવી , ચલાવવી અને નિભાવવી.

(૪) જરૂરીયાતવાળા દર્દીઓ માટે દવા બેન્ક , બ્લડ બેન્ક, આઈ બેંક, શરૂ કરવી અને ચલાવવી.

Scanned by CamScanner

(૫) જુદી જુદી જગ્યાએ જરૂર પડયે મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવું, રકતદાન શિબિર યોજવી , સર્વરોગ નિદાન કેમ્પ કરવા, ચક્ષુદાનની પ્રવૃતિ કરવી. તેમજ કેમ્પ દરમ્યાન દર્દીઓને દવા પુરી પાડવી અને દર્દીના વાલીઓને જોઈતી સહાય આપવી.

**(૮) ખાદી ગ્રામઉધોગના હેતુઓ :**

(૧) ખાદી ગ્રામઉધોગ તથા ગૃહ ઉધોગોનાં ક્ષેત્રમાં આતવી ઉત્પાદન, વેચાણ, શિક્ષણ, અને પ્રચાર તેમજ સંશોધનની સમગ્ર પ્રવૃતિ અને પ્રવૃતિના વિકાસને સંબધિત સર્વ કાયો હાથ ધરવા.

(૨) ઉની ગાલીચા કેન્દ્ર ખોલવા, નિભાવવા ~~અને કુટીર નિયામકશ્રી તરફથી આપવામાં આવતી તમામ સહાય કરવી.~~

**પ્રથમ ટ્રસ્ટીઓના નામ, સરનામા, નીચે મુજબ છે.**

| અ.નં. | નામ | સરનામું |
|---|---|---|
| ૧. | શ્રી અજયકુમાર હરીહર શાહ | આર.સી.એલ.૨/૪ રૂમ નં. ૪૨, જી.આઈ.ડી.સી.કોલોની પાંડેસરા, સુરત. |
| ૨. | શ્રી આશુતોષ રમેશ મીશ્રા | ૩૪૯, પટેલનગર ગોડાદરા, જી.સુરત. |
| ૩. | શ્રી આશીષ અશોક મલહોત્રા | ૯૦૨, ઉદયદીપ એપાર્ટમેન્ટ, જલારામ જયોત સોસાયટી, ઉમાભવન ભટાર,સુરત. |
| ૪. | શ્રી ઈંન્દ્રશ્વર ઉમેશ ઝા | ભાયા લોહના રોડ, નરુઆર, મધુબની બિહાર |
| ૫. | શ્રી ગીતાબેન મહેશચંદ્ર દવે | એ–૨૦૫, દયાળજીપાર્ક એપાર્ટમેન્ટ, અયોધ્યાનગરીની સામે, અડાજણ, સુરત. |
| ૬. | શ્રી ભવરલાલ બદ્રીપ્રસાદ ગુર્જર | એ/૧–૫૦૩, પ્રિયંકા મેઘાસીટી ગોડાદરા, સુરત. |
| ૭. | શ્રી પ્રકાશભાઈ માંગીલાલ જૈન | ~~બી–૩૦૨, શ્રી ભારતી રેસીડેન્સી, એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ વિધાલય પાસે, પાલ, સુરત.~~ |
| ૮. | શ્રી રમેશભાઈ અંબાભાઈ ચૌધરી | ૨૬૪, ચૌધરીવાસ( નાથપુરા) મુ.પો. પાડણ પાડણ, તા. સુઈગામ જી બનાસકાંઠા. |
| ૯. | શ્રી ગોવિંદસિંહ શીવસાગરસિંહ રાજપુત | ૩૪૯, પટેલનગર, ગોડદારા,સુરત. |

અમો આ સંસ્થાને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ ની જોગવાઈઓ હેઠળ નોંધાવવા માંગીએ છીએ જેના પ્રથમ ટ્રસ્ટીઓ નીચે મુજબ છે. આથી અમો નીચે સહીઓ કરનાર જાહેર કરીએ છીએ કે ઉપરની વિગતવાળી સંસ્થાની રચના કરીને તેને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવા માંગીએ છીએ તે માટે અમોએ તપાસણી નોટીસ જતી કરીએ છીએ તે બદલ નીચે સહીઓ કરીએ છીએ.

Scanned by CamScanner

| અ.નં. | નામ | સહી |
|---|---|---|
| ૧. | શ્રી અજયકુમાર હરીહર શાહ | |
| ૨. | શ્રી આશુતોષ રમેશ મીશ્રા | |
| ૩. | શ્રી આશીષ અશોક મલહોત્રા | |
| ૪. | શ્રી ઈંત્રશ્વર ઉમેશ ઝા | |
| ૫. | શ્રી ગીતાબેન મહેશચંદ્ર દવે | |
| ૬. | શ્રી ભવરલાલ બદ્રીપ્રસાદ ગુર્જર | |
| ૭. | શ્રી પ્રકાશભાઈ માંગીલાલ જૈન | |
| ૮. | શ્રી રમેશભાઈ અંબાભાઈ ચૌધરી | |
| ૯. | શ્રી ગોવિંદસિંહ શીવસાગરસિંહ રાજપુત | |

નકલ કરનાર
મુકાબલ કરનાર

મદદનીશ ચેરીટી કમિશ્નર, સુરત વિભાગ, સુરત.

ખરી નકલ

અધિક્ષક,
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
સુરત વિભાગ, સુરત.

Scanned by CamScanner